ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# મધ્યમ વર્ગના મોદી... ક્યાંક ખોવાયા

**ચાર વર્ષના મોદી શાસનમાં મધ્યમ વર્ગ ઠેરનો ઠેર : રોજગારી-મોંઘવારી મુદ્દે કોઈ સમાધાન ન મળતા મધ્યમવર્ગ મોદીથી દૂર જઈ રહ્યો છે : મોદીને પણ હવે મધ્યમ વર્ગમાં રસ નથી**

ગાંધીનગર, તા. ૨૯

મોદી સરકારને ચાર વર્ષ પૂર્ણ થયા તેની ઉજવણી ઠેર ઠેર થઈ રહી છે. ક્યાંક જાહેરાતો મારફતે તો ક્યાંક વિવિધ લેખો દ્વારા મોદી સરકારની સિદ્ધિઓ ગવાઈ રહી છે. જો કે આ ઉજવણી માત્ર રાજકીય બની રહી હોય તેવુ લાગી રહ્યું છે. આમ જનતા એટલે કે મધ્યમવર્ગીય પરિવારો આ

**સમયસર**

ઉજવણીમાં સ્વયંભૂ જોડાઈ રહ્યા નથી. કારણ કે જે મોદી મધ્યમ વર્ગના તારણહાર હતા તે મોદીને મધ્યમવર્ગ શોધી રહ્યો છે. મધ્યમ વર્ગ માટે મોદી અને મોદી માટે મધ્યમ વર્ગ બદલાઈ ગયો છે.

નરેન્દ્ર મોદીએ ગુજરાત પર દાયકાઓ સુધી શાસન કર્યુ હતુ. તેમના શાસન દરમ્યાન ગુજરાતમાં અનેક વિકાસના કાર્યો થયા. અનેક યુવાનોને સરકારી નોકરી પ્રાપ્ત થઈ, ધંધા-રોજગાર વધ્યા. તેઓ મધ્યમ વર્ગના નેતા તરીકે ખાસ્સા લોકપ્રિય હતા. મધ્યમવર્ગને હંમેશા એવુ લાગતુ હતુ કે મોદીની નીતિના કારણે જ ગુજરાતમાં મધ્યમવર્ગ વિકાસના સ્વપ્રને સાકાર કરી શક્યો છે. મોદીનુ વિકાસ મોડેલ મધ્યમવર્ગને ફાયદો કરાવે તે આધાર પર જ રચાયુ હતુ. મોદીની આ 'કોમનમેન'ની ઓળખને કારણે જ્યારે એ રાષ્ટ્રીય રાજકારણમાં આવ્યા ત્યારે જોતજોતામાં લોકપ્રિય બની ગયા. ચૂંટણી સમયે મધ્યમ વર્ગને કેન્દ્રમાં રાખીને બનાવેલી 'અચ્છે દિન આયેંગે'વાળી જાહેરાતથી મધ્યમવર્ગીય મતદારો ખૂબ આકર્ષિત થયા અને ખોબલે ખોબલે મત આપીને મોદીને સત્તા સ્થાને બેસાડ્યા.

હવે જ્યારે મોદી સરકાર ચાર વર્ષ પૂર્ણ કરી ચૂકી છે ત્યારે મધ્યમવર્ગ શુ માને છે તે જાણવુ જરૂરી છે. મોદીએ ચૂંટણી પહેલા જે વાયદાઓ કર્યા હતા તે પૂર્ણ થતાં જણાતા નથી. રોજગારીની સ્થિતિ જૈસે થે જેવી છે. વેરા ભરી ભરીને પ્રજા થાકી ચુકી છે. વિકાસનો વાયરો મધ્યમ વર્ગને અડવાનુ ભુલી ગયો છે. વેપાર-ધંધાના હાલ બેહાલ છે, અનેક યોજનાઓ છતાં મધ્યમ વર્ગીય પરિવારો હજુ ઘરના ઘરનુ સપનુ પૂર્ણ કરી શક્યા નથી.

મોદી સરકારનો કાળા નાણાં મુદ્દે કરેલો વાયદો મધ્યમવર્ગને ખૂબ આકર્ષી ગયો હતો. પરંતુ આજે ચાર વર્ષના અંતે વિદેશથી કેટલુ અને કેવુ કાળુ નાણું આવ્યુ એની કોઈનેય ખબર નથી. રહી વાત ભ્રષ્ટાચારની તો મોદી સરકાર પર મોટો આરોપ ભલે ન લાગ્યો હોય પરંતુ આમ જનતાને તેનુ કામ કરાવવા હજુ મંત્રીઓ-અધિકારીઓના ઘૂંટણે પડવુ પડે છે. ભ્રષ્ટાચાર ઉલ્ટાનો વધ્યો છે, નૈતિકતા તળીયે ગઈ છે.

મોદી સરકાર ઉદ્યોગપતિઓની-વેપારીઓની છે એવા આક્ષેપો વારંવાર થતા રહે છે. વિજય માલ્યા, નિરવ મોદી, મેહુલ ચોકસી જેવા મોટા ગજાના ઉદ્યોગપતિઓના કૌભાંડે મધ્યમવર્ગીય

● અનુસંધાન પાન-૭ પર



ડાર્ક ફિલ્મ - શહેરમાં છેલ્લા બે દિવસથી ટ્રાફીક નિયમન માટે પોલીસે જ લાલઆંખ કરી છે... સીટબેલ્ટ, હેલ્મેટ અને ડાર્ક ફિલ્મ જેવા મુદ્દા પર પોલીસે કડક હાથે કામગીરી આરંભી છે... મંગળવારે દિવસ દરમિયાન શહેરના મુખ્યમાર્ગો પર પસાર થતા ફોર વ્હીલરમાં લગાવાયેલી ડાર્ક ફિલ્મ પોલીસે જાતે દૂર કરી હતી...

# રાજ્યભરમાં ૧૪મી જૂનથી ત્રિદિવસીય પ્રવેશોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ ૧૪ થી ૧૬ જૂન દરમ્યાન યોજવામાં આવશે. ૧૧મી જૂને શાળાઓમાં ઉનાળુ વેકેશન પૂર્ણ થઈ રહ્યુ છે. મળતી વિગતો મુજબ શિક્ષણ વિભાગે શાળા પ્રવેશોત્સવની ઉજવણી અંગેના આયોજનો તૈયાર કરવા માટેના સંકેતો જિલ્લાઓને આપી દીધા છે.

કન્યા કેળવણી અને પ્રવેશોત્સવની ઉજવણી દબદબાપૂર્ણ રીતે કરવામાં આવે તે જોવા પણ શિક્ષણ વિભાગે સંકેતો આપ્યા હોવાનું જાણવા મળેલ છે. આ માટે હાલ જિલ્લાઓમાં ગ્રામ્યસ્તરે પ્રવેશ પાત્ર બાળકોના સર્વેની કામગીરી ચાલી રહી છે જે તેના અંતિમ તબક્કામાં છે.

શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં એક સાથે જ પ્રવેશોત્સવ ઉજવાશે. પ્રવેશોત્સવની સાથે સાથે શાળાઓમાં વૃક્ષારોપણના કાર્યક્રમોનું પણ આયોજન સાંકળી લેવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# આદર્શ નિવાસી શાળાઓનું પરિણામ સરકારી શાળાઓ કરતા ઉંચુ આવે છે

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરની સરકારી શાળાઓમાં પરિણામની ટકાવારી નીચી જોવા મળી રહી છે. જયારે સરકારની આદર્શ નિવાસી શાળાઓમાં પરિણામ ઉંચુ રહેતુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ધોરણ -૧૦ માં નગરની આદર્શ નિવાસી શાળાઓનુ પરિણામ ૭૦ ટકા જેટલુ ઉંચુ રહયુ છે. અન્ય

**આદર્શ નિવાસી શાળાઓનુ પરિણામ ૭૦ ટકા સુધી ઉંચુ જયારે અન્ય સરકારી શાળાઓ ૫૦ ટકાની અંદર**

સરકારી શાળાઓમાં પરિણામની ટકાવારી ૫૦ ટકાથી નીચુ રહયુ છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૮ માં લેવાયેલી ધોરણ -૧૦ની પરીક્ષામાં ગાંધીનગર કેન્દ્રનુ ૮૦ ટકા પરિણામ આવ્યુ છે. જયારે કેન્દ્રના પરિણામની ટકાવારીમાં ગત વર્ષની સાપેક્ષમાં કોઈ વિશેષ ફેરફાર નથી. છેલ્લા પાંચ વર્ષમાં સરકારી શાળાઓનુ પરિણામ સતત ઓછુ આવતા શિક્ષણ તંત્ર માટે પણ ચિંતાનો વિષય બન્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# નબળા પરિણામવાળી ૧૨ શાળાઓના આચાર્યો સાથે ખાસ બેઠક યોજાશે

**ધોરણ -૧૦ માં ૩૦ ટકાથી નીચુ પરિણામ ધરાવતી શાળાઓ શિક્ષણ તંત્ર માટે ચિંતાનો વિષય**

ગાંધીનગર તા ૨૯

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૮ માં લેવાયેલી બોર્ડની પરીક્ષાનુ પરિણામ જાહેર કરી દેવાતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં હાંશકારો પ્રવર્તાયો છે. જયારે જિલ્લામાં ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી ૧૨ શાળાઓ ધ્યાને આવી છે. આ શાળાઓમાં પરિણામની ટકાવારી સુધારવા માટે આગામી દિવસોમાં શાળાના આચાર્ય સાથે જિલ્લા શિક્ષણાધિકારીની બેઠક યોજાશે. જિલ્લામાં નબળુ પરિણામ ધરાવતી શાળાઓમાં પરિણામનો ગ્રાફ સુધારવા માટે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવે છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૮ માં લેવાયેલી બોર્ડ પરીક્ષાનુ પરિણામ જાહેર કરી દેવાયા બાદ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં હાંશકારો પ્રવર્તાયો છે. ગણિતના અઘરા પ્રશ્નપત્ર બાદ પરિણામ પણ પ્રમાણમાં ઉંચુ આવતા વિદ્યાર્થીઓની ચિંતા પણ ટળી છે.જયારે ગાંધીનગર જિલ્લામાં ગત વર્ષની સાપેક્ષમાં પરિણામમાં કાંઈ વિશેષ ફેરફાર થયો નથી. ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ ગત વર્ષ જેટલુ જ છે. જયારે શાળાઓમાં પરિણામનુ સ્તર પણ સુધર્યુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે જિલ્લામાં ૦ ટકા પરિણામ ધરાવતી એક શાળા ધ્યાને આવી છે. જયારે ૩૦ ટકાથી નીચુ પરિણામ ધરાવતી ૧૨ શાળાઓ છે. જો કે ગત વર્ષે ૩૦ ટકાથી નીચુ પરિણામ ધરાવતી ૨૦ શાળાઓ હતી. જેમાં ઘટાડો થયો છે. નબળુ પરિણામ ધરાવતી શાળાઓમાં વધારાના વર્ગો શરૂ કરી વિદ્યાર્થીઓને દત્તક લેવાની યોજના અન્વયે પણ કામ હાથ ધરાયુ છે. જયારે અભ્યાસમાં ધ્યાન ન આપતા વિદ્યાર્થીઓ પ્રત્યે વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે. ગત વર્ષોમાં પણ નબળી શાળાઓનુ પરિણામ સુધારવા માટે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા વિશેષ આયોજન કરી શાળાઓના આચાર્ય સાથે બેઠક યોજી સમયાંતરે કામગીરીનુ રીવ્યુ લેવાતો હતો. જયારે નબળુ પરિણામ ધરાવતા શાળાઓના વિષય શિક્ષકોની ટેસ્ટ પણ લેવામાં આવી હતી.

આ વર્ષે પરિણામનુ સ્તર સુધર્યુ છે. જયારે ૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ગત વર્ષે ૩ હતી જયારે આ વર્ષે માત્ર એક જ શાળાનુ ૦ ટકા પરિણામ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આ ઉપરાંત ૩૦ ટકાથી નીચુ પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા પણ ૧૨ છે. જે ગત વર્ષ કરતા ઓછી છે. પરંતુ હજુ પણ જિલ્લાની ૧૨ શાળાઓ ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી હોવાથી જિલ્લા શિક્ષણ તંત્ર માટે ચિંતાનો વિષય છે. જિલ્લા શિક્ષણ તંત્રના જણાંવ્યા મુજબ આગામી દિવસોમાં નબળુ પરિણામ ધરાવતી શાળાઓના આચાર્ય સાથે ખાસ બેઠક યોજાશે.

# ભૂલકાંઓના આધાર કાર્ડમાં જિલ્લાની નબળી કામગીરી

**રાજ્યમાં ગાંધીનગર જિલ્લો ૧૯માં ક્રમે**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં ૦ થી ૫ વર્ષની આયુ ધરાવતા બાળકોના આધાર કાર્ડમાં નબળી કામગીરી જણાઈ છે.

તાજેતરમાં સચિવાલય કક્ષાએ આ અંગે થયેલી સમીક્ષામાં જિલ્લો રાજ્યભરમાં ૧૯મા ક્રમે આવ્યો છે. જિલ્લામાં આવા શિશુઓના આધારકાર્ડની કામગીરી માત્ર ૫૭.૯૫ ટકા જેટલી જ થઈ છે.

જિલ્લામાં ૦ થી ૫ વર્ષની આયુ ધરાવતા બાળકો ૧,૨૨,૪૭૪ જેટલા છે જેની સામે અત્યાર સુધીમાં માત્ર ૭૦,૯૦૩ બાળકોના જ આધારકાર્ડ જારી કરવામાં આવેલા છે. ૫૧ હજારથી પણ વધુ બાળકોને હજુ આધારકાર્ડ બાકી છે.

નાના બાળકોના આધારકાર્ડ માટે આંગણવાડીના કાર્યકરોને ટેબ્લેટ પણ આપવામાં આવ્યા પછી નબળી કામગીરીથી સરકાર ચોંકી ઉઠી છે અને કામગીરીમાં ગતિ લાવવા માટે કડક તાકીદ કરવામાં આવી છે.

જિલ્લામાં આધારકાર્ડની આમેય આરંભથી નબળી કામગીરી રહી છે. આ માટે ખાસ ઝુંબેશોનું પણ અભિયાન યોજવામાં આવ્યુ હતુ. જો કે નબળો પ્રતિસાદ મળતાં અભિયાનોનો આરંભ ધમાકેદાર રહ્યા પછી ઉત્સાહ ઓસરી જવા પામ્યો છે.

આધારકાર્ડ માટેની કીટો પુરતી ઉપલબ્ધ નહિ હોવાનું તેમજ તેમાંય નબળી ગુણવત્તા ધરાવતા યાંત્રિક સાધનોને કારણે ઘણી બધી ફરિયાદો ચોમેરથી ઉઠી છે.

# સે-૨૮ જીઆઈડીસીમાં કાચા-પાકા દબાણો હટાવાયા

**જી આઇ ડી સી ના પ્લોટ આસપાસ શેડ, સર્વિસ સ્ટેશનની ગાડીઓ તેમજ કેટરીંગનો સામાન રાખવા પણ દબાણો તાંણી બંધાયા હતા : આજે પણ દબાણો દુર કરાશે**



ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરના સે-૨૮ જી આઈ ડી સી વિસ્તારમાં આજે દબાણતંત્રએ સપાટો બોલાવ્યો હતો. જી આઈ ડી સી વિસ્તારમાં લાંબા સમયથી પ્લોટીંગ એરીયાની આગળ પાછળ ફેલાયેલા કાચા પાકા દબાણો પર તંત્રએ બુલડોઝર ફેરવી જગ્યા ખુલ્લી કરી દીધી હતી. જી આઈ ડી સી વિસ્તારમાં પ્લોટ વિસ્તારની હદ બહાર પણ શેડ તાંણી બંધાયા હતા. જયારે કેટલાક ઠેકાણે સર્વિસ સ્ટેશનની કંડમ ગાડીઓ અને કેટરીંગના સામાન માટે પણ દબાણ ઉભુ કરાયુ હતુ. તંત્ર દ્વારા ૨૦ જેટલા કાચા પાકા દબાણોનો સફાયો કરવામાં આવ્યો હતો.

શહેરમાં દબાણ હટાવ ઝુંબેશ અન્વેય તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવે છે. ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવા માટે તંત્ર દ્વારા ઠેર ઠેર ફુટી નિકળેલા દબાણો દુર કરવા માટે કોર્પોરેશન દ્વારા દબાણો પર બુલડોઝર ફેરવી ગેરકાયદેસર દબાણોનો કડુસલો બોલાવાય છે. આજે પણ નગરના સે-૨૮ જી આઈ ડી સી વિસ્તારમાં તંત્રએ દબાણોનો સફાયો કર્યો હતો. જી આઈ ડી સી પાછળ સ્થિત તળાવને ઉંડા કરવાની કામગીરી પણ હાથ ધરાઈ છે. ત્યારે દબાણો દુર કરવા માટે આજે સવારે કોર્પોરેશનના દબાણ અધિકારી મહેશ મોડ સહીતની ટીમ સ્થળ પર પહોંચી હતી. સે-૨૮ જી આઈ ડી સી માં પ્લોટીંગના એરિયાને અડીને તેમજ પાછળના

● અનુસંધાન પાન-૭ પર

# વિધાનસભાનું એક દિવસનું ખાસ સત્ર બોલાવવા કોંગ્રેસની માંગણી

**મોંઘવારી, મહિલા અત્યાચાર જેવી બાબતો ઉપર પોતાની નિષ્ફળતા છુપાવવા ભાજપ 'મા' નામના શબ્દનો ઉપયોગ કરે છે : પરેશ ધાનાણીના સીધા આક્ષેપો**

અમદાવાદ,તા. ૨૯

ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણીએ આજે પત્રકાર પરિષદમાં પ્રેસ તથા મીડિયાના મિત્રોને સંબોધતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ એ એક વિચારધારા છે. રાજ્યમાં આજે લોકશાહીને બચાવવી ખુબ જરૂરી છે. આજે પાટીદાર સમાજ, દલિત સમાજ, બક્ષીબંચ સમાજ, લઘુમતિ સમાજના પ્રશઅનો, ખેડૂતોના પ્રશ્નો, યુવાનોના પ્રશ્નો, કાયદો અને વ્યવસ્થાની કથળતી જતી પરિસ્થિતિના પ્રશ્નો જેવા ગંભીર પ્રશ્નો રાજ્યમાં ઉપસ્થિત થયા છે, ત્યારે આ તમામ મુદ્દે વિધાનસભાનું વિશેષ સત્ર બોલાવવા કોંગ્રેસ પક્ષ માંગણી કરશે. ધાનાણીએ પત્રકારો દ્વારા ઉપસ્થિત કરાયેલા પ્રશ્નોનો

જવાબ આપતા જણાવ્યું હતું કે, હાર્દિક પટેલ દ્વારા પાટીદાર ન્યાય પંચાયતમાં ઉપસ્થિત રેવા મને નિમંત્રણ મળ્યું હતું પરંતુ પૂર્વનિર્ધારિત કાર્યક્રમોના કારણે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી શકેલ નહીં અને ઉપસ્થિત ન રહેવા અંગેની જાણ પણ તેઓને કરેલ હતી. પાટીદાર ન્યાય પંચાયતમાં કોંગ્રેસ પક્ષના અન્ય પાટીદાર ધારાસભ્યોએ અને આગેવાનોને પણ નિમંત્રણ પાઠવવામાં આવેલ અને તેને માન આપીને પાટીદાર ધારાસભ્યોએ અને આગેવાનોએ

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

# અભદ્ર ભાષાપ્રયોગ બાબતે કોંગ્રેસ માફી માંગે : જાડેજા

અમદાવાદ,તા. ૨૯

ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ આઈકે જાડેજાએ જણાવ્યું હતું કે, ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીના માતૃશ્રી માટે કોંગ્રેસના ધારાસભ્ય વિરજીભાઈ ઠુમ્મરે આપેલા નિમ્નકક્ષાના નિવેદન બદલ ગુજરાતની માતૃશક્તિની માફી માંગવાને બદલે કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડા તતા વિપક્ષના નેતા પરેશ ધાનાણી તેને છાવરી રહ્યા છે. જાડેજાએ કહ્યું હતું કે, કોંગ્રેસના ધારાસભ્ય દ્વારા કરાયેલા અભદ્ર ભાષાપ્રયોગ બાબતે જાહેરમાં માફી માંગવાને બદલે કોંગ્રેસ તેને બચાવીને હલકી રાજનીતિ અપનાવી રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં સતત છઠ્ઠી વખત હારેલી કોંગ્રેસ હવે જ્યારે લોકસભાની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે ફરીથી પોતાના મળતિયાઓને સક્રિય બનાવી મહાપંચાયતોના નાટક કરી રહી છે. જાડેજાએ કહ્યું હતું કે, અનામતની લોલીપોપ કે લોકપ્રપંચ દ્વારા કોંગ્રેસ હવે ફાવી શકવાની નથી, કોંગ્રેસે ગુજરાતની જનતા સમક્ષ ખુલાસો કરવો જોઈએ કે અનાતમ બાબતે તે શું કરવા માંગે છે. સમગ્ર ગુજરાતની નારીશક્તિનો પ્રચંડ રોષ જોઈને કોંગ્રેસ હવે બેબાકળી બની, પ્રજાને ગેરમાર્ગે દોરવા માટે જુઠ્ઠાણાઓ ફેલાવી રહી છે. ભાજપ પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી દ્વારા પાટીદાર સમાજ કે અન્ય કોઈ સમાજ માટે ક્યારે ઘસાતું બોલવામાં આવ્યું નથી અને તમારી પાસે જો કોઈ પુરાવા હોય તો જનતા સમક્ષ જાહેર કરો પરંતુ તમારા ધારાસભ્યને છારવા માટે આ પ્રકારના ખોટા આક્ષેપો બંધ કરો. નારી સન્માનની જાળવણી એ ભાજપના સંસ્કારો છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ
સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com